# માઈલ સ્ટોન નં. 3

## સ્વાતંત્ર્ય સેનાની સ્વ. માધુભાઈ ચૌધરી

મુલાકાત સંકલન : પ્રા. ચંદુભાઈ સી. ચૌધરી, ઝેડ એફ. વાન્ડયા વિમેન્સ કૉલેજ, સુરત.

ગાંધી પ્રભાવ સ્વાતંત્ર્ય સંગ્રામમાં એટલો પ્રબળ અને વ્યાપક હતો કે તેણે અનેક લોકોના જીવનમાં નિષ્ઠા, જનસેવા, આદર્શમયતા વગેરે ગુણોનું અજવાળું પાથર્યું હતું. આવું અજવાળું પ્રાપ્ત કરનાર એક સાચા ગાંધીવાદી માધુભાઈ ચૌધરી સ્વાતંત્ર્ય સેનાની વાંસદાના જંગલ વિસ્તાર નવતાડ ગામમાં આઝાદીની લડતથી ગાંધીજીના રચનાત્મક કામોને વળગી રહી સમાજસેવાની અવિરત ગંગા વહેવડાતા વાસંદા તાલુકાના નવતાડ ગામમાં આજુ બાજુના પ્રદેશોના આદિવાસીઓનું ઉત્થાન કરવા રચનાત્મક પ્રવૃત્તિ કેન્દ્રો ચલાવતા હતા.

થોડા ઘણાં સ્વાતંત્ર્ય સૈનિકો આજે આપણી વચ્ચે મોજૂદ છે. આપણે અને વર્તમાન પેઢી નસીબદાર છીએ કે આવા અસલી સ્વાતંત્ર્ય વીરો પાસેથી આપણને આઝાદીના જંગના પ્રત્યક્ષ અનુભવો, બ્રિટિશ શાસનની જો હુકમી, ગુલામીની ઝંઝીરો, લાઠીઓ અને ફાંસીદારોની વેદનાઓ હસતા મોઢે સહન કરનાર લડવૈયાઓની કથાઓ સાંભળવા મળે છે. દેશની રક્ષા માટે જાન આપવા જરા પણ સંકોચ વગર અંગ્રેજ હકુમત સામે લડતા લડતા અનેકે જાન ગુમાવી અને લાઠીઓ ખાધી, અસંખ્ય વીરલાઓ વીરગતિ પામ્યા એવા સ્વાતંત્ર્ય સૈનિકો ને કોટિ કોટિ વંદન ઉપરોક્ત કહાની શાક્ષી પુરનાર એવા ગાંધીવાદી સ્વાતંત્ર્ય સૈનિક માધુભાઈ પ્રત્યક્ષ મુલાકાત માટે હું વાસંદા તાલુકાના નવતાડ ગામે જઈને એમના મુખેથી આઝાદીની ચળવળો, સ્વાતંત્ર્ય સંગ્રામની વાતો સાંભળી. આઝાદીની જંગના પ્રત્યક્ષ અનુભવો સાંભળી મોટું ચિત્ર ભૂતકાળની એક સમયની યાતના, આઝાદીનું મૂલ્ય, તે સમયની પરિસ્થિતિનું ચિત્ર મારી સમક્ષ જાણે ખડું કરી દીધું હોય એવો ભાસ થયો.

માધુભાઈ ચૌધરીનો તે સમયના ગાયકવાડ રાજ્યના, મહુવા તાલુકાના વડિયા ગામના સામાન્ય આર્થિક પરિસ્થિતિના; પરંતુ પ્રતિષ્ઠિત માતા-પિતા શ્રીમતી દુધીબહેન જયસિંહ માનાભાઈ ચૌધરીને ત્યાં તા.૩૦-૭-૧૯૧૨ના દિવસે પરિશ્રમી પરિવારમાં જન્મ થયો તેમના માતા-પિતા છૂટક ખેતમજૂરી કરતા. આ ખેત મજૂરી કરવા સહપરિવાર સાથે જવાનું થતું. ઈ.સ.૧૯૧૭ની સાલમાં તેમણે બાળશિક્ષણની શરૂઆત કરી માતાપિતાના સંજોગોને આધિન તેમને વ્યારા તાલુકાના અંધારવાડી દૂર ગામમાં ધોરણ ૧ અને ૨ નો અભ્યાસ કર્યો. ફરી પાછા બીજા ગામે મજૂરી મળતા બારડોલી તાલુકાના તે ગામે જવાનું થયું. ત્યારાબાદ સંજોગો વશાત શાળા શિક્ષણ મેળવવા એમણે આદિજાતી માટેની શાળામાં ધાણકા વસ્તીગૃહ વ્યારા ખાતે શિક્ષણ લીધું.

તેમની તેજસ્વીતા પારખીને પલસાણા તાલુકાના વહીવટદાર શ્રી સંપતરાવ ગાયકવાડના જમાઈ શ્રીમોતીભાઈ, માધુભાઈની ધગસ, ઉત્સાહ અને મહેનત જોઈને વધુ અભ્યાસ માટે વડોદરા લઈ ગયા. માધુભાઈ વર્નાક્યુલરની ફાઈનલની પરીક્ષા વ્યારાના ધાણકા વસ્તીગૃહથી ૧૪ વર્ષની ઉંમર પાસ કરી.

ઈ.સ.૧૯૨૨માં બારડોલીમાં સ્વરાજ આશ્રમની સ્થાપના થઈ. પરંતુ ૧૯૨૧માં પૂ.ગાંધીજી બારડોલી આઝાદીના સંગ્રામ માટે અને બારડોલી આજુબાજુના ખેડૂતોને અને પ્રજાને આંદોલનમાં સાંકળવા માટે એક સભા યોજી. ગાંધીજીની સ્વદેશીની લડત, સ્વાતંત્ર અંગેના ભાષણથી માધુભાઈ ખૂબ જ પ્રભાવિત થયા. આઝાદીની જંગ માટેની રેલીઓ, સત્યાગ્રહો, પ્રભાત ફેરીઓમાં હવે ભાગ લેવા માંડ્યા. ઈ.સ.૧૯૨૩માં ગાંધીજીએ ગામડાંમાં રચનાત્મક પ્રવૃત્તિ શરૂ કરવા તમામ યુવકોને ગામે-ગામ જવા આદેશ આપ્યો. માધુભાઈએ ફાઈનલની પરીક્ષાપાસ કરી તે સમયે સ્વજનો અને પિતાજીને ઈચ્છા હતી કે માધુ સારી નોકરી મેળવી ઠરીઠામ થાય પરંતુ આઝાદીની જંગની રંગે રંગાયેલ માધુ આજુ બાજુના પ્રદેશમાં કોઈ નેતા આવવાના સમાચાર મળેતો તરત ત્યાં નેતાને સાંભળવા જતા.આઝાદીની જંગના સ્વાતંત્ર્યનીવાતો, રાષ્ટ્રીય નેતાઓના ભાષણો તેમણે સહન કરેલા કષ્ટોની વાતો સમાચારપત્રો પત્રિકાઓ વાંચીને મનમાં પ્રતિજ્ઞા કરી કે સ્વરાજય નીલડતમાં પોતાનું યોગદાન જીવનના છેલ્લા શ્વાસ સુધી આપવું.

ઈ.સ.૧૯૨૧ની સાલમાં બારડોલી ભૂમિ ઉપરથી ગાંધીજીએ બ્રિટિશ સલ્તનતને અલ્ટીમેટમ આખરી નામું આપેલ. પ્રજાકીય શક્તિ વધારવા અંગ્રેજી કેળવણી અને સરકારી શાળાઓના સ્થાને રાષ્ટ્રીય શાળાઓ,મદ્યનિષેદ (દારૂબંધી) ખાદી-રેંટીયો કાંતણ દ્વારા વસ્ત્રાવાવલંબન, હિન્દુ-મુસ્લિમ કોમી એકતા અને અસ્પૃશ્યતા નિવારણ માટે આ પ્રવૃત્તિઓને વેગ આપવા ઈ.સ. ૧૯૨૨માં સ્વરાજ આશ્રમ બારડોલીમાં સ્થાપના થતા માધુભાઈને એક તીર્થ સ્થાન મળી ગયું હોય તેમ શાળામાંથી ગુલ્લી મારી આશ્રમમાં આવી જતાં. તે સમયે રાજગોપાલાચાર્ય દરબાર સાહેબ, રવિશંકર મહારાજ, મહમ્મદઅલી, ઝીણા, યુવા જયપ્રકાશ, પંડિતજી, સરોજની નાયડુ, રાજેન્દ્રબાબુ, ભુલાભાઈ દેસાઈ બેરિસ્ટર અસરફઅલી,ઉત્તમચંદ શાહ, જુગતરામદિવે, કલ્યાણજી મહેતા, મીઠુબેન પીટીટ,નરહરિ પરીખ વગેરે મહાન નેતાઓ નિયમિત પણે બારડોલી આશ્રમમાં મળતા. એવા નેતાઓના સંપર્કમાં આવતા માધુભાઈ પોતાની પ્રતિબદ્ધતા અને દેશદાઝ થકીઆ દિગ્ગજોની પ્રશંસા મેળવી. બ્રિટીશ હકુમતે આઝદી મેળવવા સંબંધિત પ્રકાશનો, સાહિત્ય અને સમાચાર પત્રિકાઓની વહેંચણી ઉપર પ્રતિબંધ મૂક્યો હતો દેશમાં ક્યાં ખૂણે શું ચળવળ ચાલીફરી છે.તેની માહિતી પત્રિકાઓ ઘરેઘરગામડાઓમાં વહેંચવાનું કામ માધુભાઈને માથુ સોંપવામાં આવ્યું હતું. તે સમયે બારોડલી પ્રદેશના ભીમભાઈ વશી, બારસડીના રણછોડભાઈ પટેલ, કલ્યાજી વી. મહેતા, માંડવીના શ્રી પ્રેમશંકર ભટ્ટ વગેરેની ટુકડીએ માધુભાઈને ટપાલો, પત્રિકાઓનું ગામડાંઓમાં ઘરે ઘર પહોંચાડવાનું કામ સાથે પણ ખ્યાલ રહે કે બ્રિટિશ હકુમત અને પોલીસ અમદારોને આ વાતની ખબર પડે નહિ. માધુભાઈ બારસડીના રણછોભાઈ પટેલને ત્યાં ગોલામિયા તરીકે દિવસે કામ રાત્રે પત્રિકાઓ લઈને જેતે ગામના નિશ્ચિત જગ્યાએ ટપાલ પહોંચડતા તેમણે આ અઘરું કાર્ય સરળતાથી પાર પાડ્યું. આ કામ થકી તેણે રાષ્ટ્રીય તેનાઓમાં અપ્રતિમ વિશ્વાસ સંપાદન કર્યો.

ઈ.સ.૧૯૨૮માં જમીન મહેસુલમાં વધારો

થતા ખેડૂતોએ સરદારનીઆગેવાનીથી સત્યગ્રહ નાકર લડત ઉપાડી બારડોલી સ્વરાજ આશ્રમમાં સરદાર વલ્લભભાઈ સાથે સ્વ.ઉત્તમચંદ શાહ સ્વાતંત્ર સેનાનીના હાથ નીચે કામ કરવાનું ચાલું કર્યું, આશ્રમમાં જ રહેવા માંડ્યા ૧૯૨૮માં બારડોલી સત્યગ્રહનું આયોજન થયું એ દરમ્યાન માધુભાઈ નિયમિત સવારે પાંચ વાગે ઊઠી નિત્યક્રમ મુજબ પ્રભાતફેરી પ્રાર્થના, આઝાદી ગાન, વગેરે કરતા. સ્વરાજ આશ્રમ વાસ દરમ્યાન ખુશાલભાઈ પટેલ, મગનલાલ ગાંધી જેવા તે સમયના યુવા નેતાઓ ત્યાં ઉત્તમચંદ શાહ જેવા આદરણીય મિત્રના માર્ગદર્શન સંદેશાઓ લાવવા પહોંચાડવા ૧૦ થી ૧૫ કિ.મી. સુધી પગપાળા જવાનું કામ માધુભાઈ સારી રીતે કરતા. આ લડતમાં વલ્લભભાઈ પટેલને ‘સરદાર’નું બિરુદ મેળવી એક દેશનેતા તરીકે ઝળક્યા. આ લડતામાં માધુભાઈએ સરદારને ખૂબ નજીકથી જોયા અને ઓળખ્યા.

ગાંધીજીના ‘સ્વદેશી વિચાર ધારા’ના ખ્યાલને નક્કર સ્વરૂપ એના વિચારોના અનુસંધાનમાં યુવા માધુભાઈને અમદાવાદ સાબરમતી આશ્રમમાં ગુજરાત હરિજનશાળાના શિક્ષકોને રેંટિયા ચલાવવાનું, ખંજવાનું પૂણી બનાવવું, ખાદી વણાટ કરવી આ બાબતો શીખવવા માટે મોકલવામાં આવ્યા માધુભાઈએ આ કામગીરી ખંતપૂર્વક નિભાવી. ત્યારબાદ ફરી બારડોલી સ્વરાજ આશ્રમમાં આવ્યા.

ઈ.સ.૧૯૨૮થી માધુભાઈએ ગામે ગામ ફરી ખાદી પ્રચાર, નશાબંધી પ્રચારનો કાર્યક્રમ અપનાવ્યો. ઈ.સ.૧૯૨૮માં સરદાર વલ્લભભાઈના આદેશ અનુસાર માધુભાઈ એ પોતાના ચુનંદા સાથીઓની ટુકડી બનાવી ખોજ પારડી ગામે સ્વરાજ મેળવવા માટે લડતના રણસિંગા ફૂંકવાના ચાલુ કર્યો. આથી બ્રિટિશ ઘોડેસવાર પોલીસે માધુભાઈ અને એમના સાથીદારોની ધરપકડ કરી સાબરમતી જેલમાં મોકલી આપ્યા. આમ માધુભાઈએ આઝાદીની ચળવળની સજારૂપે પહેલીવાર છ (૬) મહિનાનીજેલ ભોગવી માધુભાઈએ જેલમાં પણ આઝાદી ગીતો અને સ્વરાજની ભાવના કેળવાય તે માટે ભાષણોથી સાથી કેદી મિત્રોને તૈયાર કર્યા અને બ્રિટિશ હકૂમતને લલકારી જેલમાંથી મુક્તિ મળતા ફરી ખાદી અને નશાબંધીના મહત્ત્વના રચનાત્મક કાર્યોમાં ધ્યાન કેન્દ્રીત કર્યું.

સાબરમતી જેલમાંથી આવ્યાબાદ માધુભાઈના પિતાએ તેમના લગ્ન નક્કી કર્યા. વનીતાબેન જેવા સુશીલ અને સંસ્કારી કન્યા જોડે માધુભાઈ લગ્નગ્રંથી જોડાયા. મા-બાપને એવું લાગ્યું કે હવે માધુ અમારી જોડે ઠરીઠામ રહેશે, પરંતુ માધુભાઈ રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા કે એમ જલ્દી રંગ થોડો ઉતરે.

દેશમાં ચારે બાજુએ ‘‘સ્વરાજ મારો જન્મ સિદ્ધ હક્ક છે’’ ની ભાવના પ્રબળ બની ઠેર ઠેર સત્યાગ્રહ, ચળવળો, ભાષણો, બ્રિટિશ હકૂમત હતપ્રભ બની ગયેલ હતી. બ્રિટિશ ગોરાઓ આ ચળવળને દાબી દેવા માટે જે તે શહેરના કલેક્ટરોને છૂટછાટ આપી સ્વતંત્ર સૈનિકોને ગોળીઓથી ઉડાવી.દેવાનો આદેશ આપ્યો.

એ દરમ્યાન ખેડા જિલ્લાના કલેક્ટરે ડંફાસ મારી કે પ્રદેશમાં સત્યાગ્રહ કે ચળવળનું નામોનિશાન મિટાવી દીધુ છે. આઝાદીની લડત ખેડા જિલ્લામાં

મરી પરવારી છે. આ જાહેરાત બાદ સરદાર વલ્લભભાઈ પટેલે બારડોલી નેતાગીરીને આદેશ આપીને ખેડા જિલ્લામાં ટુંકડી મોકલી. આ ટુંકડીના આગેવાની લેનાર સુરત જિલ્લાનાં ૬૭ સત્યાગ્રહના નેતા તરીકે માધુભાઈની નિમણૂક થઈ. આ ટુકડીના આગેવાની લેનાર માધુભાઈ અને સાથીઓ ઉપર ભાદરણ ગામે બ્રિટિશ હકુમતે લાઠીમાર કર્યો. ઘોડાઓ સ્વતંત્ર્ય વીરો ઉપરથી દોડાવ્યા અંગ્રેજો શયતાનની જેમ વરસી પડયા તમામ સ્વતંત્ર્યની લડતના લડવૈયાઓની ધરપકડ કરી અહમદ નગરની વિસાપુર જેલમાં મોકલી આપવામાં આવ્યા ઈ.સ.૧૯૧૭ના બ્રિટિશ જર્મન લડાઈમાં પરાજીત થનાર જર્મન કેદીઓ સાથે અહીં માધુભાઈ અને સાથીઓને કેદ કરી સાડાત્રણ વર્ષની જેલવાસનો હૂકમ કરાવવામાં આવ્યો. શ્રી માધુભાઈનો આ કારાવાસનો બીજો પ્રસંગ હતો.

જેલવાસ પૂરો કર્યા બાદ માધુભાઈ પાછા બારડોલી સ્વરાજ આશ્રમમાં આવ્યાં ઈ.સ.૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહની સફળતાને કારણે પ્રજાનો વિજય થયો.બારડોલીની શિસ્તબંધ લડાઈથી સત્યાગ્રહની નવ શક્તિનું જોમ જોવા મળ્યું. આ લડતમાં દેશભરનાં લોકો બારડોલી આંગણે ચાલતા સત્યાગ્રહની પત્રિકા ખાસ પ્રગટ થતી બારડોલીએડંકો વગાડ્યો સત્યપુરીઓ સરદારજીની નેતા ગીરીથી ખુશ હતા. આ ખુશી બ્રિટિશ હકૂમતથી જોવાતી ન હતી આથી એણે બારડોલી સ્વરાજ આશ્રમ અને એના સફળ સત્યાગ્રહીઓની મિલ્કત જપ્ત કરવા માંડેલી ત્યારે વાંસંદા સ્ટેટનાં રાજા મહારાજા ઈન્દ્રસિંહજીએજે સદાચારી હતા દેશ દાઝ ધરાવતા હતા એમણે બારડોલીના તારાજ ખેડૂતોને ઓફર મુકી કે વાંસંદા પ્રદેશમાં આવો તમને ખેતી લાયક જમીન, મકાનનો કુવાઓ બાંધી આપીએ. વાસંદાના રાજાએ સાતસો (૭૦૦) એકર જંગલ સાફ કરાવી ખેતી લાયક જમીન તૈયાર કરાવી કૂવા બંધાવ્યા, મકાનો બંધાવ્યા તારાજ ખેડૂતોને વાંસંદા પ્રદેશ મેલેરિયા રોગથી, જંગલી જાનવરોથી પીડિત છે એવી માન્યતાઓને કારણે ત્યાંથી પાછા ભાગી આવ્યા આથી વાંસંદાના રાજાએ જુગતરામ દવે, ઉત્તમચંદ શાહ તેમજ માધુભાઈને કહીને આદિવાસી પરિવારને સમજાવીને લઈ આવવા જણાવ્યું. મુરબ્બી કલ્યાણજીકાકાએ માધુભાઈને કહ્યું કેતમે અહીના આદિવાસીઓને વાંસંદા મુકામે લઈ આવી સમાજત્પાદનની પ્રક્રિયા આગળા ધપાવો આથી માધુભાઈ આદિવાસી સમાજના મોટા સમુહને લઈને 'નવતાડ' મુકામે વસવાટ કર્યો રાજાએ માધુભાઈને ૨૦ વિઘા જમીન આપી જે માધુભાઈ એ જરૂરતમંદ ખેડૂતોને વહેંચી આપી.

૧૯૩૦ દાંડી યાત્રા થકી 'મીઠા સત્યાગ્રહ'નું આયોજન થયું પૂ.ગાંધીએ જાહેર કર્યું કે કાગડા કુતરાના મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના પાછો નહીં ફરુ તે દરમ્યાન માધુભાઈએ પોતાની ટુકડી સાથે સૌરાષ્ટ્રમાં રાજકોટ મુકામે જનજાગૃતિ અને રાત્રિશાળાઓનું આયોજન કરેલ હતું. સૌરાષ્ટ્રમાં તેમણે ઠેર ઠેર દેશ ભાવના પ્રબળ બનાવી ગુપ્તમિટીંગો અને આઝાદીની લડતના સાહિત્યનું વિતરણ કર્યું. રાજકોટથી પાછા ફર્યા બાદ માધુભાઈ મહાત્મા ગાંધીજી પુત્ર રામદાસ ગાંધીના મીઠા સત્યગ્રહમાં

જોડાયા. આ સત્યાગ્રહ સુરત પાસે આવેલ ભીમપોર મુકામે કરવામાં આવેલો આ ભીમપોર સત્યાગ્રહમાં પોલીસે રામદાસ ગાંધીની ધરપકડ કરી. આ સમયે માધુભાઈ એમના સાથીઓએ રામદાસ ગાંધીની સૂચના અમલ કરી પીંજરત ગામે સત્યાગ્રહ કરવા ગયા ત્યાં સફળતાપૂર્વક સત્યાગ્રહ કરીને ધરાસણા ગામે ગયા. ત્યારબાદ નરહરિ પરીખના આદેશથી ડુંગરી ગામે આવી જુગતરામ દવે સાથે વિચાર વિમર્શ કરી આગવી લડત ચલાવી તે સમયે દેશમાં ઠેર ઠેર લોકજુવાળા ફાટી નિકળતા ઘણી જગ્યાએ આગ અને તોડ-ફોડના બનાવો બન્યા. આ સમયે વિઠ્ઠલભાઈ પટેલ સત્યાગ્રહનું તોફાન અન્ય માર્ગે ફંડાઈ ન જાય તે માટે સમજાવવા નીકળેલા માધુભાઈ અને એમના સાથીઓએ વિઠ્ઠલભાઈ પટેલની ભાવનાને વાચા આપી એનો અમલ કરાવવાનો શરૂ કર્યો હતો. દેશ ભરમાં ગાંધીજીના નામનું યુવાનોના મનપર ભારે પ્રભુત્ત્વ છવાતું જતું હતું. એમ લખાણો સૌ કોઈ વાંચતા અમેના વિચારોથી પ્રભાવિત થઈ યુવાન વર્ગ દેશસેવા માટે તૈયાર થતો ગાંધીજીએ જાહેર કર્યું કે સ્વરાજ મેળવવું હોય તો ચાર શરતો ધ્યાનમાં રાખવી પડશે.

૧. અંગ્રેજ સરકાર ગુલામીનું શિક્ષણ આપેછે એવી શાળા કોલેજોને ત્યાગ કરવો.
૨. વકીલો વકીલાત છોડે.
૩. એક વર્ષમાં એક કરોડ રૂપિયાનું સ્વરાજ ફંડ ઉભુ કરવું.
૪. એક વર્ષમાં એક કરોડ રેટિંયા ગૂંજતા થાય.

ઉપરોક્ત શરતો યુવાન માધુભાઈને સ્પર્શી ગઈ એમણે મનથી સ્વીકાર્યુ કે સત્યાગ્રહથી અન્યાયનો પ્રતિકાર અને ન્યાયનું નિવારણ, અહિંસક લડત શક્ય છે. ગાંધીજીના કહેવા મુજબ બધાએ દાંડી કૂચમાં સામેલ થવાની જરૂર નહી પણ બહાર રહીને રચનાત્મક કામ મારફત ગ્રામ્ય યુનિટમાં જાગૃતિ લાવવી અને ટકાવી રાખવી.

ઈ.સ.૧૯૩૮માં સુભાષચંદ્ર બોઝ કોંગ્રેસના પ્રમુખ તરીકે હરિપુરા મુકામે અધિવશનનું આયોજન થયું. નરહરિ પરીખ જુગતરામ દવે તથા ઉત્તમચંદ શાહે ફરીથી માધુભાઈને વિશેષ જવાબદારી સોંપીને નેતાઓ નિશ્ચિંત બનતા કે માધુભાઈને સોંપેલું કામ જવાબદારી પૂર્વક પાડ પાડશે જ. એવી એમના ઉપર ગાંધી કાર્યકર્તાઓની છાપ હતી. એ બતાવે છે કે તેઓમાં પરિપક્વતા પીઢતાના દર્શન થાય છે.

હરિપુરા કોંગ્રેસના પ્રમુખ તરીકે સુભાષચંદ્ર બોઝની વરણી થઈ. એમને એકાવન બળદોના રથમાં બારડોલીથી હરિપુર ગામે લઈ જવાનું નક્કી થયું ત્યારે વાંસદાના મહારાજે પોતાનો રથ બારડોલી મુકામે મોકલી આપેલો. કોંગ્રેસ અધિવેશનમાં ત્યારે આઝાદીના ચળવળનો ધ્વજ ફરકાવવાનું નક્કી થયેલું વાસંદાના જંગલમાંથી ઊંચામાં ઊંચોવાંસ (બાંબુ) પણ વાંસદા મહારાજે હરિપુરા મુકામે મોકલી આપેલ હતો કોગ્રેસના અધિવેશનમાં રાષ્ટ્રના બધાજ નેતા ઓ આવ્યા ત્યારે વિવિધ છાવણીઓનું સુકાન નક્કી કરવામાં આવ્યું. રાષ્ટ્રીય નેતાઓની ભોજન વ્યવસ્થાની છાવણી ઉપર માધુભાઈના નેતૃત્વવાળી ટુકડીને જવાબદારી સોંપી દેવામાં આવી. જે એમણે દિલોજાનથી નિભાવી માધુભાઈનું મન હવે પુસ્તકીય જ્ઞાન કરતા જીવનની તાલીમ અને દેશની આઝાદી વધુ વહાલી હતી. જેના પ્રતિભાવ રૂપે જુગત રામદવે,

નરહરિ પરીખ અને ઉત્તમચંદ શાહની ત્રિપુટી હેઠળ એ કાર્યરત થવા માંડ્યા ગાંધી, સરદારના વિચારોથી પ્રભાવિત થઈ ખૂબ જ સાદો પહેરવેશ માધુભાઈએ અપનાવી લીધો હતો. ખાદીનો પાયજામો ખાદીનો ઝભ્ભો, ખાદીની ટોપી. ગાંધીજીનાં આદર્શો મુજબ માધુભાઈ રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા ગ્રામરોજગારી અને સ્વદેશી ઉદ્યોગ દ્વારા ગામડાંના લોકોને રોજીરોટી મળે એમનો જીવન ઉદ્દેશ થાય એ જ લક્ષ એમણે રાખ્યું.

ઈ.સ.૧૯૪૨ની હિંદ છોડો ચળવળને ગાંધીજએ ''કરેંગે યા મરેગે''ની નીતિ જાહેર કરી જુગતરામ દવે, અન્નપૂર્ણા મહેતા, ઉત્તમચંદ શાહ, ડાહ્યાભાઈ નાયકનાં વડપણ હેઠળ માધુભાઈએ ઈ.સ.૧૯૪૨ની હિન્દ છોડો ચળવળને બરાબર જાગૃત કરી.

માધુભાઈ પોતાના ચુનંદા સાથીઓ સાથે મહુવા તાલુકાના વડીયા ગામે ગયા. પોતાના ૫૦ સાથીઓને બરાબર તાલીમ આપી બ્રિટિશ હકુમતના કેવી રીતે સમાનો કરવો એનું આયોજન કર્યું. દારૂબંધી અને સરકારી માલમત્તાને નિશાન બનાવ્યા. બ્રિટિશ શાસકો ઈચ્છતા હતા કે ભારતીય પ્રજા દારૂ અને તાડીના નશામાં તરબતર રહે. માધુભાઈએ વાંસદા મહુવા પંથકમાં પોતાના સાથીઓ જોડે દારૂ અને તાડી ઉપર પ્રતિબંધનો અમલ કરાવી સરકારી મિલકતોને આગ લગાવી વાંસદાને રેલવે પુલ અને ટાવર ઉડાવવાની યોજનાને આખરી સ્વરૂપ આપી દેવામાં આવ્યું.

'મકનજી સોલા'આ એક એવા ભડવીરનું નામ હતું જેની નાનીકાયા ભલભલા ચમરબંધ બ્રિટિશ અફસરોને ધૂળ ચાટતા કરી દેતી. બાજીપુરા ગામના આ મકનજી સોલા સ્વતંત્ર્ય સેનાનીઓને બ્રિટિશ હકુમત સાથે લડવા માટે દારૂગોળો મફત પૂરો પાડતા હતા માધુભાઈએ મકનજી સોલા પાસેથી જરૂરી દારૂગોળો લઈને વાંસદાના ટાવર અને પુલને ઉડાવવાની તૈયારી કરી લીધી. મહુવા તાલુકાની કરચેલીયા ગામની સરકારી મિલકતને નિશાન બનાવવાનું નક્કી થયું. માભુભાઈ નળધરા ગામના જાગીરદારને ત્યાંથી બંદૂકો ઊંચકી લેવાનું પણ ગોઠવ્યું. માધુભાઈને જોડીદારે આ બધી હકીકતો અને બહાદુરીનું વર્ણન કાગળમાં લખી પોતાના મિત્રને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે પત્ર મારફત જાણ કરી. આ પત્ર બ્રિટિશ પોલીસના હાથમાં આવતાં બધીજ યોજનાઓ ઊંધી વળી ગઈ. બ્રિટિશ હકૂમતઅને સાથીઓને પકડવા વાંસદા આવી ત્યારે વાંસદાના મહારાજે સ્વતંત્ર્ય સેનાનીઓને બચાવી લીધા થોડા સમય પછી ટાવર અને પુલ ફૂંકી મારવાની યોજનાને અંતિમ સ્વરૂપ અપાયું.

ત્યાં તો અકસ્માતે મકનજી સોલા દારૂગોળો બનાવતા સખત દાઝી ગયો. ટાવર જો ફૂંકી મારવામાં આવે તો મકનજી સોલા દાઝેલી હાલતમાં ભાગી શકે નહી.આથી મકનજી સોલાની વિનંતીથી ટાવર ફૂંકી મારવાનો પ્લાન મુલતવી રહ્યો. માધુભાઈ પાસે સંતાડેલો દારૂગોળો હવે વધુ સલામત સંતોડવો જરૂરી હતો, આથી નવતાડના જંગલમાં મહુડાના ઝાડના થડ બાળીને જે પોલાણ થયું તેમાં દારૂગોળો સંતાડી દેવામાં આવેલ. બ્રિટિશ પોલીસ જયારે દારૂગોળાની શોધગોળ માટે આવી ત્યારે ખાલી હાથે પાછા ફરી હતી. વાંસદાના મહારાજ આમ ભલા અને લોકપ્રિય

હતા.

ઈ.સ.૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટે આપણને આઝાદી મળી ત્યારે ગાંધી મેદાનમાં શોક જુવાળ વચ્ચે પૂ.માધુભાઈએ આહ્‌વાન કરેલું. કે કેટલાય શહીદોની શહાદત, કેટલાય વીરનરબંકાઓની લોહીથી લતપથ આ આઝાદી, આ સ્વરાજને આપણે મેળવ્યું તો છે, પણ એને જાળવવું પણ પડશે અને એ એટલું સહેલું પણ નથી. ભારત સ્વતંત્ર થયું પણ પૂર્ણ ગાંધીવાદી વિચારોથી પ્રભાવિત માધુભાઈએ પોતે લોકસેવાનો ભેખજી ધારણ કરી લીધો.

સ્વરાજ મળ્યા પછી પણ એમની ગાંધી વિચારધારામાં જરા પણ ઓટ ન આવી. ઉલટું રચનાત્મક પ્રવૃત્તિઓ થકી એમણે ગાંધી વિચારોની નઈ તાલીમ શાળા, ઉત્તરબુનિયાદી વિદ્યાલય, પંચાયતી તાલીમવર્ગ, ગૌશાળા, ખાદીભંડાર, વસ્તુભંડાર, કુદરતી ઉપચાર કેન્દ્ર, સુથારી અને જંગલ ઉત્પાદન, પૂણી કેન્દ્ર, વણાટશાળા, નીરા મંડળી, ગ્રામસેવા મંડળ, ઔદ્યોગિક સેવા સહકારી મંડળીઓ, સમાજ ઉપયોગી સંસ્થાઓમાં ગળાડૂબ રહ્યા.ઈ.સ.૧૯૫૨ થી ઈ.સ.૧૯૫૭ દરમ્યાન મુંબઈ રાજ્યની ધારાસભામાં ધારાસભ્ય તરીકે બહુમતી હાંસલ કરીને સરસ કામગીરી બજાવી. એમના ધારાસભ્ય તરીકેના સમયગાળામાં એમણે સમાજના નમ્રસેવક તરીકે પ્રજાકલ્યાણના કાર્યોને વેગ આપવા માટે સરકારને પણ વારંવાર ચેતવણી આપી. એમના સેવાયજ્ઞમાં જો સરકાર ઉણી ઉતરે તો તરત જ ગાંધી ચીંધ્યા માર્ગે સત્યાગ્રહનું શસ્ત્ર પોતાની જ સરકાર સામે ઉગામતા અચકાતા નહીં. પોતાના અવાજમાં મુંબઈ રાજ્યની ધારાસભા જ્યારે ગુંજતી તે નાદના પડઘા વાંસદાની આદિવાસી પ્રજા માટે આશીર્વાદરૂપ સાબિત થયા.વાંસદા પ્રદેશની કાયા પલટાવવામાં તેમજ આદિવાસીઓની દર્દનીય સ્થિતિ સુધારવામા માધુદાદાનો ચિરમોર રહ્યા છે. એમા બે મત નથી. માધુદાદાએ સફળતાપૂર્વક ધારાસભ્યપદની ગરિમાને જાળવી અને પ્રજાની અપેક્ષાઓને સાકાર કરી. ત્યારબાદ ગુજરાતરાજ્યની રચના થઈ ત્યારે શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈની સરકારમાં, આદિજાતિ વિકાસ નિગમના સભ્ય તરીકે બે ટર્મ એમણે સફળતાપૂર્વક નિભાવી સાથે સાથે એમને એ વાતનો આઘાત પણ લાગ્યો કે, સ્વરાજ અને આઝાદીની જંગની યાતનાઓ લોક પ્રતિનિધિઓ ખૂબ ઝડપથી ભૂલીને ભૌતિક શુખ અને ગાંધી મૂલ્યનું અવમૂલ્યન કરવા માંડ્યા. બધી તરફ એક પ્રવાહ જોવા મળતો કે કેવી રીતે વધુ ધન અને મોભો મેળવી શકાય. આ બધી બાબતોથી માધુદાદાનું મન ગ્લાનિ અનુભવતું. જે રાજકારણને આવા સ્થાપતિ હિતોએ અભડાવ્યું એ રાજકારણને એમણે તિલાંજલી આપીને સત્તા સિવાય લોકસેવાનું અભિયાન આગળ ધપાવ્યું ઘણા રાજકીય પક્ષોએ, નેતાઓએ માધુદાદને રાજકારણમાં સક્રીય થવા માટે આગ્રહ સેવ્યો, પ્રલોભનો અને સત્તાનો મોહ દેખાડ્યો પણ દ્દઢ મનોબળ ધરાવતા માધુદાદ ટસના મસ ના થયા. ત્યારબાદ તેમણે એમનું દરિદ્રનારાયણ અભિયાન વાંસદા અને આહવા ડાંગનાં ઊંડાણના વિસ્તારમાં પ્રવાહિત કર્યું. જંગલોની અંદર ભોળા આદિવાસી પરિવારોને આધુનિક પદ્ધતિથી ખેતી અને અક્ષરજ્ઞાન આપવા માટે યુવા વર્ગની ટુકડી બનાવી લોકજાગૃતિ આપવા માટે અવિરત સઘન

પ્રયાસો કર્યાં. આજે પણ એમની લોકસેવાના પાયા ઉપર સ્થાપેલી મંડળીઓ અને સંસ્થાઓ કાર્યરત છે. જેમાં ત્યારબાદ ગુજરાતના માજી મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ તથા માજી વડાપ્રધાન મોરરજીભાઈ દેસાઈના આગ્રહને વશ થઈ થોડા વરસો માટે વલસાડ જિલ્લા જનતા પક્ષના ઉપપ્રમુખ તરીકે રહ્યા. ગાંધી મૂલ્યની હાંસી ક્ષુલ્લક રાજકારણીઓ ઉડાડતા એ જોઈ અમેને પોતાની ભૂલ કબૂલ કરી ફરીથી રાજકારણને કાયમી અલવિદા કરી. હાલમાં ગ્રામજનો અને પોતાના ભોળા આદિવાસી પ્રજાના ઉદ્ધાર માટે કામ કરતી સંસ્થાઓ જેવી કે ગ્રામસેવા મંડળ, નીરા તાડગોળ, સહકારી મંડળીના પ્રમુખ તરીકે એજ ધગશ અને ગાંધીમૂલ્યોના સંવર્ધન સાથે પુનઃ જનસેવાની પ્રવૃત્તિમાં જીવ્યા ત્યા સુધી પ્રવૃત્ત રહ્યા છે.

પૂજ્ય દાદાને જીવનમાં અંતિમ શ્વાસ સુધી વિશ્વાસ હતો કે રચનાત્મક કાર્યો અને મૂલ્યરક્ષા દ્વારા વર્તમાન વિષમતાને દૂર કરી શકાશે. પૂ. દાદાની આ કર્મકથા અને જીવનશ્રદ્ધા ચેપી નીવડે તો દેશકાળમાં ગુણાત્મક પરિવર્તન આવી શકશે. પૂ.માધુદાદાના મુખે સ્વરાજ લડતના સંસ્મરણો સાંભળવા એ એક અલભ્ય લહાવો હતો. માધુદાદને મન પુસ્તકિયા જ્ઞાન કરતાં જીવનની તાલીમ ખૂબ વહાલી હતી તેમની વાતો સાંભળતા જણાઈ આવે છે કે આઝાદી મેળવ્યાની ખુમારી અને વાણી વેઠેલો કારાવાસ એળે ગયો નથી તેના રણસે આજે પણ સંભળાય છે. તેમની આંખોમાં ગાંધી, સરદારહિંદના દર્શનને નિર્માણ કરવાનો મનસૂબો આજે પણ તાજો હોય એમ લાગ્યા વિના રહે નહીં. તેમની સાથે લંબાણ પૂર્વકની વાતોમાંથી ક્રિયાપદોકા) નાંખોતો.ગાંધી સરદાર, બારડોલી સભાગ્રહ કાઠી ચાર્જ, સ્વરાજ આશ્રમનાં રચનાત્મક કાર્યક્રમો,ખાદી ગ્રામોદ્યોગ અને દેશની કાયા પલટે એટલું જ બાકી રહી જાય અને એટલામાં બધુંજ આવી જાય. આઝાદી પછી કોંગ્રેસ સરકારે પૂ.માધુભાઈ ચૌધરી અને તેમના જેવા કેટલાય સ્વાતંત્ર સેનાનીઓના સપનાઓને સાકાર કરવાને બદલે પેન્શન આપી તેમને ખરીદી લેવાનો અને રચનાત્મક પ્રવૃત્તિઓને સરકારી ગ્રાંટ આધારિત બનાવી દઈ તેને પાંગળી બનાવી દેવા પ્રયત્ન કર્યો, પરંતુ માધુદાદાએ કોઈની શહેરમાં રહ્યા વિના સ્વરાજ સંસ્થાઓને સ્વનિર્ભર બનાવવાનો હંમેશાં સફળ પુરુષાર્થ કર્યો.

ગાંધી વિચારધારાને અનુરૂપ કાર્યક્રમો અને શિબિરોમાં વૃદ્ધત્વને અવગણીને પૂ.દાદા અને નવયુવાનને શરમાવે એવા જોમ-જુસ્સાથી ભાગ જ્યારે એમને પૂછવામાં આવ્યું કે... ‘‘દાદ આજની પરિસ્થિતિ વિશે તમારા મંતવ્યો શું છે?’’ ત્યારે માધુદાદાએ જણાવ્યું કે ‘સ્વરાજ પ્રાપ્તિ પછી રાષ્ટ્રનું સામાજિક, નૈતિક, રાજકીય રીતે અવમૂલ્યન થયું તે ખૂબ કઠે છે. આઝાદી માટે આર્થિક સંકોટો અને સામાજિક મુશ્કેલીઓનો સામનો કરેલો ત્યારે આ બધું જોઈને નિરાશા જેવું થાય છે એમ થાય છે કે આઝાદી માટે અનેક લોકોએ બલિદાન આપ્યા, કારાવાસ વેઠ્યો, લાઠીઓ ખાધી, ક્યાંક ગોળીઓથી વીંધાયા, લોહી રેડાયાં તેનો આજે આવો અંજામ ? હું માનું છું કે ગરીબી ઝડપથી હટી જવાની નથી; પરંતુ જાહેરજીવનમાં સાદાઈ, પ્રામાણિકતા, પરિશ્રમ

નિષ્ઠા, ત્યાગની ભાવના જેવા જ મૂલ્યો બાપુ અને સરદારે ઊભા કરેલાં તેનું આટલી નીચી હદે ધોવાણ? આજે સ્વાતંત્ર્ય પ્રાપ્તિબાદ પણ આપણે ત્યાં રોજી, રોટી કે રહેઠાણ તેમજ કાયદો વ્યવસ્થા નિષ્ફળ ગઈ છે એવું લાગે.''

''ગરીબી કદાચ ઓછી થાય, ગરીબી મટવાની શક્યતા ઓછી છે છતાં જીવનમાં ઉપર જણાવેલાં મૂલ્યો ન હોય તો ગમે તેટલી સંપત્તિ મળે તો પણ તેનાથી પ્રજાને સુખ પ્રાપ્ત થવાનું નથી. આમ છતાં શ્રદ્ધા છે કે બાપુ, સરદાર, વિનોબા, જયપ્રકાશ જેવા પવિત્ર પુરૂષોનો પુરૂષાર્થ એળે નહિં જાય.''

આજની શૈક્ષણિક સંસ્થાઓ જ્યારે સમૂહને પ્રવાસે લઈ જાય છે; ત્યારે આનંદપ્રમોદના સ્થળોને મહત્ત્વ આપી આયોજન કરે છે. આપણી આઝદી સસ્તામાં મળી નથી. આ ગાંધી વારસો અને આપણા પૂર્વજોના બદલિદાનો થકી આજે આપણે આઝાદહિંદમાં શ્વાસ લઈ રહ્યા છીએ ત્યારે આપણી ભાવના એવી હોવી જોઈએ કે આજે ગણ્યાં ગાઠ્યાં જીવંત સ્વાતંત્ર્ય વીરોની મુલાકાતો અને સ્મરણોથી આ યુવા પેઢીને માહિગાર કરવા જોઈએ. આપણો આઝાદીનો વારસો જાળવવો હશે તો આ દેશના ભાવિનાગરિકોને આઝાદી સંગ્રામની વ્યથા કથાની પૂરી સમજણ આપવી પડશે. ઉગતી પેઢીના બાળકો, યુવાનો પાસે જ હજુ પણ તક છે, બાકી રહેલા આવા વીર સ્વાતંત્ર્ય વીરોની રૂબરૂ મુલાકાત લઈ જીવનને ધન્ય બનાવવા જોઈએ. આજે જ્યારે ક્રિકેટ અને ફિલ્મના નકલી હીરો પાછળ યુવા પેઢી દિવાની થઈને પડી છે ત્યારે આ આપણા અસલી હીરો (સ્વાતંત્ર્યવીરો) ને પિછાણવાના, રૂબરૂ મળવાનો છેલ્લા અવસરો છે. કદાચ આવનાર થોડાક વર્ષો પછી આપણા આ અસલી હીરોની (સ્વાતંત્ર્યવીરો) લાખ પ્રયત્નો છતાં રૂબરૂ મળી શકીશું નહીં.

દરેક વ્યક્તિનું જીવન આ રીતે ભાતીગળ ભાતવાળું હોતું નથી. કોઈ પણ ગર્વ લઈ શકે, પ્રેરણા મેળવી શકે અને આનંદવિભોર થાય એવા આપના સદ્‌ગુણોનો ફાળો અમૂલ્ય છે. સાદગીપૂર્ણ જીવન, સમાધાનકારી વલણ,શાંત અને સૌમ્ય પ્રકૃતિ, નિરાડંબરી અભિગમ, ગાંધી મૂલ્યો કુટુંબપ્રેમ ઉદારદિલ જેવા સદ્‌ગુણોને કારણે આપે અત્યારે સુધીની સિદ્ધિઓના સોપાનો સર કર્યા છે.

ચૌધરી સમાજના પ્રમુખ તરીકે વર્ષો સુધી આપેલ સેવા આપી. સમાજને નવી દિશા ચીંધ હતી.

ચૌધરી સમાજ આપના જીવનનેયુગો યુગો સુધી ગૌરવ અનુભવશે અને પ્રેરણા મેળવતું રહેશે.

**સંદર્ભ સૂચિઃ**


૧. રૂબર મુલાકાત : તા.૧૧-૪-૨૦૦૩
૨. બોમ્બે સ્ટ્રેલેજીસલેટર પેજ નં.૭૪
૩. ગુરુવંદના પુસ્તકના આધારે - સંપાદક- નરેશ
૪. સ્વતંત્ર સંગ્રામમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ-લેખક- ઈશ્વરલાલ ઈચ્છારામ દેસાઈ.
૫. બારડોલી સત્યાગ્રહ- લેખક-ઈશ્વરલાલા ઈચ્છારામ દેસાઈ
૬. સ્વરાજ આશ્રમ બારડોલીના મંત્રીશ્રી મુલાકાત.
૭. સરદાર મ્યુઝિયમની લાઈબ્રેરીની પ્રતાપની પ્રતિ.
૮. ઉત્તમચંદ શાહ, સ્વાતંત્ર્યસેનાનીના ઈન્ટરવ્યૂના કેસેટના રેકોર્ડિંગ પરથી.